## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

ધામ-ધમકીના દંડથી દંડાય છે ખંડણી!
રક્ષકોની 'ખાંડણી' માં જ ખંડાય છે ખંડણી!
ખૂન-ખરાબાના ખેલ સુધી ફંટાય છે ખંડણી !
મૂલ્યો-નિષ્ઠાના ચોપડે જ મંડાય છે ખંડણી!

હાઈકુ

નર-રાક્ષસો - 'હમા'ના લોહી પીને - ચૂસે પ્રજાને...
સેવકો કેવા!? લે હ્સે હ્સે મેવા - ને કરે સેવા !
(રક્ષકો ખૂદ ભક્ષક બને પછી શું થાય?)

## ચિંતન

**મરણે સમ્ભવે દૈવ ગત્યાગમનયોરપિ ।**
**સ્થિતૌ સર્વશરીરેષુ આકાશેનાવિલક્ષણઃ ॥**

ઉપરોક્ત શ્લોક બૃહણ્યદાયક ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

મૃત્યુ, જન્મ (પરલોકમાં) ગમન, આગમન અને સ્થિતિની બાબતમાં પણ સર્વ શરીરોમાં રહેતો આત્મા આકાશથી જુદો (વિલક્ષણ) નથી.

આત્માને આકાશ સાથે સરખાવતાં ઉપનિષદ કહે છે કે જેમ ઘટાકાશની ઉત્પત્તિ તેમજ ઘડો ફૂટી જતાં ઘટાકાશનો નાશ, ઘડાને અન્ય સ્થળે લઈ જતાં તે ઘટાકાશની ગતિ કે તેને પાછો લાવતા ઘટાકાશનું આગમન વગેરે કશું જ આકાશને લાગું પડતું નથી, તેમ શરીરમાં જન્મ-મૃત્યુ કે જીવાત્માનું પરલોકગમન, પુનરાવર્તન વગેરે ક્રિયાઓથી આત્મા નિર્લેપ રહે છે. જેમ આકાશ એક અને નિરવયવ છે, જેને ઉપાધિજન્ય ઘટાકાશ-મઠાકાશના જન્માદિ સ્પર્શતા નથી, તેમ ઉપાધિ જન્ય શરીરાદિનાં જન્મમૃત્યુ વગેરે એકમેવ નિષ્કલ એવા આત્માને સ્પર્શતા નથી.

## સુવિચાર

- નહીં ખાઈ ઠોંકરે સફર મેં તો મંઝીલ કી અહમિયત કૈસે જાનોગે... ગર નહીં, ટકરાએ 'ગલત' સે તો 'સહી' કો કૈસે પહચાનોગેં - **જનાર્દન ચતુર્વેદી**
- તેજ રફતાર ઘોડો ઠોકર ખાઈ બેસે છે, ઉંટ રાત-દિવસ એકધારું ચાલતું રહે છે - **અરબી કહેવત**
- આધીન હોવા અને પરાધીન હોવામાં ઘણો ફેર છે. પરાધીન હોઈએ ત્યારે કયારેક માણસ આપણને ટેકન ફોર ગ્રાન્ટેડ લેવા લાગે છે સમર્પિત રહો, સરન્ડર નહીં - **ક્રિષ્નકાંત ઉનડકટ**
- લાખ ભલે રાખમાં જજો પણ સાખ કદી રાખમાં ન જજો - **કચ્છી કહેવત**
- તારો મોટામાં મોટો દુશ્મન તને નિહાળે એ રીતે તારી જાતનું નિરીક્ષણ કર, તો જ તારી જાતનો મોટામાં મોટો મિત્ર બની શકીશ - **જેરમી ટેલર**
- સંબંધોને સમજવા માટે સ્વભાવ, સંવાદ અને સંવેદનાને સમજવા પડે છે. સ્નેહ હોય ત્યાં બધું સામટું જ હોય છે - **પ્રવિણ દરજી**
- આજનું ઔષધ : પાકા પપૈયા ૧૦૦ ગ્રામમાં ચપટી ટંકણખારનો ભૂકો ભભરાવી ખાવાથી સંધિવામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

અજાણ્યા એક માણસ એક બેગ લઈને બગીચામાં બેઠેલો જોઈને મુલ્લા નસરુદ્દીને એમને પૂછ્યું, 'બહાર ના લાગો છો, તમને આ બગીચામાં કયારેય જોયા નથી.' પેલા માણસે કહ્યું, 'હા, હું નજીકના શહેરમાં રહું છું. મારી પાસે પૈસા છે, બંગલો છે, પ્રેમાણ પરિવાર છે, છતાં જીવનમાં મને રસ નથી પડી રહ્યો. એટલે થોડા દિવસની રજા પાડીને, 'મજા પડે એવું' કંઈક શોધવા નીકળ્યો છું. શાયદ અહિંયા કયાંક સુખ મળી જાય તો શોધું છું.' મુલ્લા કંઈ બોલવા ને બદલે, એ માણસની બેગ આંચકીને ભાગ્યા, પેલો માણસ પણ પાછળ દોડ્યો. મુલ્લા દોડમાં પાક્કા એટલે ખાસ્સા આગળ નીકળી ગયા. પેલો માણસ હાંફતો હાંફતો પાછળ આવી રહ્યો હતો. એકાદ કિલોમીટર દોડ્યા બાદ મુલ્લા રસ્તાને કિનારે એક બાંકડા પર બેસી ગયા. થોડીવારમાં પેલો માણસ હાંફતો હાંફતો પહોંચ્યો એણે તરાપ મારીને પોતાની બેગ લઈ લીધી. બેગ મળી ગયાનો પરમ આનંદ એના ચહેરા પર પ્રગટ્યો. પણ બીજી જ પળે તે ગુસ્સામાં બોલ્યો. 'મારી બેગ લઈને કેમ બાગ્યા?' મુલ્લાએ જવાબ આપતા કહ્યું, 'કેમ ભલા માણસ? તમે સુખ શોધવા નીકળ્યા છો, તો બોલો બેગ, પાછી મળી જતા તમને સુખની લાગણી થઈ કે નહીં?? મેં તો તમને સુખ શોધવામાં મદદ કરી છે.' સાર એ છે જે કંઈ આપણી પાસે છે એમાંથી આપણને સુખ નથી મળતું, પણ પછી એ ખોવાઈ ગયા બાદ પાછું મળે ત્યારે સારું લાગે.

# મ્યાંમારની લોકશાહી બચાવવી જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

કયારેક 'બ્રહ્મદેશ' જેવા રૂપકડા નામે ઓળખાતા ભારતની પૂર્વ સરહદે આવેલ પંથક વિશાળ ભારતનો જ એક ભાગ હતો. બ્રિટીશ હકૂમત દરમિયાન એ 'બર્મા'નામે ઓળખાતો હતો. ઘણા બધા દેશોએ નામકરણ બદલ્યાં એમ આ દેશે પણ એની સંસ્કૃતિને અનુરુપ 'મ્યાંમાર' નામ ધારણ કર્યું. એના મુખ્ય શહેર રંગૂનમાં તો ગુજરાતી વેપારીઓનો દબદબો હતો. હવે એ 'યાંગૂન' બની ગયેલ છે. લોકશાહીના વાવર છતાં આ દેશ વારંવાર સેનાના સકંજામાં આવતો - જતો રહ્યો છે. આઝાદીની લડતનાં અગ્રણી આંગ-સાંગ-સૂચી પર પ્રજાને ભરોસો છે. પ્રચંડ બહુમતીથી ચૂંટાયા પછી પણ આ નોબેલપ્રાઈઝ વિનર મહિલા રાજનીતિજ્ઞને લશ્કરે સુખે સૂવા દીધાં નથી. અત્યારે મ્યાંમાર સેનાના જડબેસલાક કબજા હેઠળ છે. પ્રદર્શનકારી લોકો પણ સેના ક્રૂર જુલમ આચરી રહી છે. દુનિયા એને લાચાર આંખે નિહાળી રહી છે. હમણાં બનેલી એક હૈયું હચમચાવનારી ઘટનાનો ઉલ્લેખ પૂરતો થઈ રહેશે. સેના સૈન્યશાસનનો વિરોધ કરનારાઓને શોધી શોધીને ગોળીએ દઈ રહી છે. એમનાં ઘરોમાં ઘૂસી જઈ જડતી લઈ રહી છે. આવા એક પરિવારની જડતી લેવા ગયેલ સૈનિકોએ બીકની મારી બાપને બાઝી પડવા દોડી પડેલી સાત વર્ષની નિર્દોષ બાળકીને ગોળી મારી દીધી. આવા જઘન્ય ઘટનાઓ છતાં વિશ્વની મહાસત્તાઓના પેટનું પાણી હાલતું નથી. લોકડાઉન પછી દુર્દશામાં ધકેલાઈ ગયેલ મ્યાંમારના લોકો માટે પેટની આગ ઠારવાનું અઘરું બની ગયું છે. ઘરવખરી વેચીને પ્રથમ તબક્કાના લોકાડાઉનમાં જેમ તેમ કરી ચૂલો જલતો રાખ્યો હતો. હવે મોટા ભાગની પ્રજા પાસે કશું બચ્યું નથી. એથી નાળાં અને ગટરો ફંફોસી ઉંદર કે સાપ જે કંઈ મળે એ પેટમાં પધરાવવાના દ્હાડા આવ્યા છે. કોરોનાએ મ્યાંમારને ભૂખમરાની સ્થિતિમાં ધકેલી દીધું છે. નેપાળ, ભુતાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, માલદીવ્સ કે પાકિસ્તાનની જેમ મ્યાંમાર ભારતનું સાખ પાડોશી છે. ઈશ્વરની કૃપા ગણો કે બ્રિટીશ હકૂમત ઊઠી ગયા પછી ભારતની લોકશાહી અકબંધ રહી છે. પાકિસ્તાનમાં કયારેક પ્રત્યક્ષ તો કયારેક પડદા પાછળ રહીન આર્મી જ શાસન ચલાવતી હોય છે. બાંગ્લાદેઓશ ૧૯૭૧ પૂર્વે 'પૂર્વ પાકિસ્તાન' નામે ઓળખાતું હતું. પ્રજાકીય આંદોલનને ક્રૂરતાપૂર્વક કચડી નાખતી પાક આર્મીને ભારતીય સેનાએ ધૂળ ચટાડીને બાંગ્લાદેશને આઝાદી અપાવી હતી. પ્રજાકીય મુક્તિવાહિનીને મદદ કરીને તત્કાલીન વડાપ્રધાન ઈંદિરા ગાંધી અને સેનાધ્યક્ષ જનરલ માણેકશાએ આખા એક નવા દેશને જન્મ આપ્યો હતો. એના રાષ્ટ્રપિતા શેખ મુજીબ-ઉર-રહેમાનની પાછળથી ત્યાંના લશ્કરી બળવામાં જ હત્યા થઈ હતી. આવા હત્યાકાંડો હજી સુધી ભારતની લોકશાહીમાં બની શક્યા નથી તે આપણું સદ્ભાગ્ય છે. વચ્ચે થોડા વખત પૂરતી લોકશાહી પર 'ઈમરજન્સી' - કટોકટીની લગામ જરૂર આવી હતી, પણ ભારતીય જનચેતના સાથે લોકતંત્રની ભાવના એવી જડબેસલાક ગૂંથાઈ ગઈ છે કે ઈંદિરા ગાંધીને પોતાની એ ભૂલ સમજાઈ હતી અને એમણે નવેસરથી ચૂંટણીઓ આપી હતી. એ ચૂંટણીમાં પ્રજાએ એમને હરાવીને યોગ્ય સજા પણ કરી હતી. અને પાછાં અઢી વરસનાં ટૂંકા ગાળામાં જ એમને 'નઈ રોશની' લાવનાર મહિલા નેતા સ્વરુપે પુનઃ પ્રસ્થાપિત પણ કર્યાં હતા. ચીનની અસર હેઠળ નેપાળમાં પણ લોકતંત્ર કયારેક હાલકડોલક થતું રહે છે. શ્રીલંકામાં તમિળ પ્રશ્ન હજી વણઉકેલ્યો જ રહ્યો છે. ભારત આખા ઉપખંડનો મુખ્ય ભૂ-ભાગ છે, જયાં લોકતંત્ર અને લશ્કર - બેઉ પોતપોતાની રીતે મજબૂત અને પ્રતિબદ્ધ છે. બલકે સ્વતંત્ર થયા પછી ભારતે કયારેક બાંગ્લાદેશને, કયારેક નેપાળ-ભૂતાન કે માલદીવ્સને તો કયારેક શાંતિસેના મોકલીને શ્રીલંકાને લોકતંત્ર બચાવવા મદદ પહોંચાડી છે. મ્યાંમારની દુખિયારી પ્રજાની વહારે ભારતે ન જવું જોઈએ ? પ્રશ્ન એ છે. એ એમનો 'પ્રાદેશિક અંગત પ્રશ્ન છે' એમ ગણી આપણે મોં ફેરવી લઈએ તો દિવંગત પ્રિયદર્શિની ઈંદિરા ગાંધીનો આત્મા આપણને જરૂર ઢંઢોળી શકે : એમ તો બાંગ્લાદેશનો પ્રશ્ન પણ એમનો અંગત પ્રશ્ન જ હતો ને!

# કોરોના માટે RT-PCR કરવો જરૂરી જ છે?

## RT-PCR વગર કોરોનાનું નિદાન ના થઈ શકે? ● રેપિડ કોરોના કાર્ડ અને RT-PCR બંને એક જ...?

**તન દુરસ્તી**
મહેન્દ્ર ગજજર

આજે ગાંડાલાલ બેફામ હતા. ભરી સભામાં કમ્પ્યુટરમાંથી ગૂગલ ચાલુ કરીને ગૂગલમાંથી કોરોનાના ટેસ્ટ વિશે જાણીને ગાંડાલાપલ મૂછો ઉપર તેલ લગાડીને એક હાથથી મૂછોને ગોળગોળ ફેરવતાં ગાંડાલાલ બોલતા રહ્યા. જોવો સાંભળો આજે મારો દિવસ છે. કોઈને બોલવા નહીં દઉં. કોઈને પણ કોઈ પ્રશ્ન હોય તો હું જયારે બોલતો બંધ થાઉ પછી જ બોલવાનું કે પૂછવાનું... ભારતમાં કોરોનાના પ્રવેશને એક વર્ષ થવા આવ્યું. હજુ પણ ભારત અને અન્ય દેશોમાં કોરોના મધપુડાની જેમ લોકોના જીવન ઉપર ઝામી ગયો છે. લાખો લોકોને હેરાન-પરેશાન કરી મૂક્યા અને લાખોના મોત થયા. હજુ સુધી આપણા વૈજ્ઞાનિકો, ડૉકટરો કોરોના ઉપર પક્કડ જમાવી શક્યા નથી. કોરોના એ સામાન્ય વાઈરસ ઈન્ફેકશન છે. છતાં પણ તેની ઉપર આપણે પ્રભુત્વ મેળવી શક્યા નથી. જો કે દુનિયામાં ઘણી બધી કંપનીઓએ પોતાની રસી બનાવીને મુકી છે. થતાં પણ હજુ કોરોનાને નાથવા માટે આપણી પાસે પૂરતો સમય મળ્યો નથી. કોરોનાની રસી મુકાવેલી હોય તો પણ લોકોને કોરોના થાય છે. પણ જો કોરોનાની રસી મુકેલી હોય તો જીવનું જોખમ ઓછું હોય છે... એટલે રસી તો મુકાવી દેવી જોઈએ જ. કંઈ કંપનીની રસી સારી અને કંઈ કંપનીની ખરાબ. બધી જ કંપનીની રસી સારી હોય છે... કોઈ પણ કંપનીની રસી મુકાવી શકાય. પણ સરકારને એવી નમ્ર વિનંતી કરવાનું મન થાય કે જો શક્ય હોય તો બધી ઉંમરના લોકોને ઝડપથી રસી મળી જાય. હવે કોરોનામાં શું થાય? અને ક્યારે કોરોના ટેસ્ટ કરાવવો જોઈએ? જો તાવ આવતો હોય, ગળામાં દુખતું હોય, શરદી હોય, અશક્તિ લાગતી હોય. તો જ કોરોના ટેસ્ટ માટે વિચારવું જોઈએ. જો તમને કોઈ પણ પ્રકારની તકલીફ ન હોય તો ટેસ્ટ કરવો ન જોઈએ. કારણ કે ઘણી બધી વખતે એવું જાણવામાં આવ્યું છે કે જો કોઈ પણ તકલીફ વગર ટેસ્ટ કરાવ્યો હોય અને પછી રિપોર્ટ નેગેટીવ આવે, બે દિવસ પછી જયારે તાવ, શરદી કે ઉધરસ થાય ત્યારે કોરોનાનો ટેસ્ટ ફરી કરાવતા ઘણા બધા લોકોમાં કોરોના જાણવા મળ્યો છે. ઘણા બધા પ્રશ્નો છે. સરકાર સુપર સ્પ્રેડર શોધવા માટે લાખોની સંખ્યામાં કોરોના રેપિટ ટેસ્ટ કરે છે. એમાંથી ઘણા પોઝીટીવ પણ આવે છે. જે લોકોને કોઈ પણ પ્રકારની તકલીફ ન હોય છતાં પણ કોરોના પોઝીટીવ આવે છે. ત્યારે તકલીફ પડે એ એક બાજુ તમે કહો છો તકલીફ ન હોય તો કોરોના ટેસ્ટ ન કરાવવો જયારે સરકાર ગમે તે માણસને તકલીફ વગર પણ ટેસ્ટ કરે છે.

બોલો હવે શું કરવાનું ? કોણ સાચું ? એમાં બે કારણ છે. એક કારણ ઘણા બધા આપણે ત્યાં સહન કરવાની ટેવ હોય છે. તાવ અથવા અશક્તિને નજરઅંદાજ કરે છે. આવા લોકોમાં સરકારના રેપીડ ટેસ્ટ પોઝીટીવ આવતા હોય છે. નંબર-૨ સરકાર રોગ વધારે પ્રમાણમાં ન ફેલાય તે માટે વધારે પ્રમાણમાં ટેસ્ટ કરતા હોય છે. કોઈ પણ પદ્ધતિથી રેપીડ ટેસ્ટ અથવા પોત RT-PCR થી ટેસ્ટ કરો તો એમાં પોઝીટીવ ટેસ્ટની કિંમત વધારે છે. તમારો ટેસ્ટ કોઈ પણ પદ્ધતિથી પોઝીટીવ આવ્યો હોય તો તેને પોઝીટીવ જ ગણવો. જો તમારો ટેસ્ટ કોઈ પણ પદ્ધતિથી નેગેટીવ આવ્યો હોય તો તેને કોરોના નથી એવું ના જ કહેવાય. થોડી પણ તકલીફ હોય તો ટેસ્ટ ફરી કરાવવો જોઈએ. ટૂંકમાં કોરોનાના ટેસ્ટ પોઝીટીવ ટેસ્ટની કિંમત છે. કારણ કે રેપીડ ટેસ્ટ તમે કરાવો તો એની સેન્સીટીવીટી ૫૦ ટકા છે. એટલે ૧૦૦ માંથી ૫૦ જણને પરિણામ આઘું પાછું આવી શકે. અને એવી જ રીતે (RT-PCR) ની સેન્સેટીવીટી ૭૦ ટકા છે. એટલે ૧૦૦માંથી ૩૦ જણના રીઝલ્ટ આઘાપાછા આવી શકે. એટલે કોરોના પોઝીટીવ હોયતો કોરોના ગણવો પણ નેગેટીવ હોય અને તકલીફ હોય તો કોરોનાનો ટેસ્ટ કરાવી લેવો.

# કવિ કાગની ચેતનાને વંદનનો સોનેરી અવસર

**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

ફરી એક વખત આ વાસંતી વાયરાના ખુશનુમા માહોલમાં કાગના ફળિયે અસ્ખલિત રીતે મહોરતી કાગચેતનાનું વંદન ૧૭ માર્ચ ૨૦૨૧ના ધન્ય દિવસે (ફાગણ સુદ-૪) યોજવામાં આવ્યું. મોરારીબાપુએ તે દિવસનું નામાભિધાન 'કાગચોથલ્લ તરીકે કરેલું છે. પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં લઈને કાગ પરિવારે તેનું આયોજન મર્યાદિત મહેમાનોની ઉપસ્થિતિમાં કરવા નિર્ણય કર્યો હતો.

દરેક વર્ષની માફક આ વર્ષે પણ સાહિત્યના કેટલાક નામી ઉપાસકોને 'કાગ એવોર્ડલ્લ અર્પણ કરવામાં આવ્યા હતા. છેલ્લા ૨૧ વર્ષોથી મોરારીબાપુની હૂંફ તથા કાગ પરિવારના સ્નેહભર્યા નિમંત્રણથી કવિની ચેતનાને વંદન કરવાનો આ ઉપક્રમ ચાલે છે તે નોંધપાત્ર બાબત છે. સમસ્ત મજાદર ગામ તેમજ આસપાસના ગામોના અનેક લોકોની ઉપસ્થિતિ તેમજ સક્રિય સહયોગનેકારણે કાગચોથે એક લોકોત્સવનું સ્વરૂપ ધારણ કરેલું છે.

કવિ શ્રી દુલા ભાયા કાગના સાહિત્ય અંગે ગુજરાતના અદ્વિતીય એવા લોક સેવક પૂજ્ય રવિશંકર મહારાજની વાત કાન માંડીને સાંભળવા તથા સમજવા જેવી છે. ૧૯૫૬ ના ફેબ્રુઆરી માસમાં પૂ. દાદા લખે છે :

'' હું તો તમારા મોઢામાંથી નીકળતી પંક્તિઓનો પ્રવાહ જોઈને દંગ થઈ જાઉં છું. વિચારું છું કે કયા અભ્યાસને અંતે આવો પ્રવાહ વહેતો હશે ? કંઈ સમજાતું નથી. એટલું સમજાય છે કે તમારા જેવા કવિઓ થતા નથી પણ જન્મે છે. ઈશ્વરનો એ આશીર્વાદ છે કે ઢોર ચારતાં, જંગલોમાં ફરતાં ફરતાં કાવ્યો સૂઝે અને પવિત્ર નદીઓનો પ્રવાહ વહે તેમ વહેવા માંડે. આ સામાન્ય વાત ન કહેવાય. ''

પૂ. રવિશંકર દાદા ખરા અર્થમાં ઝવેરી હતા. તેમની પરખ તથા સૂઝના નીચોડ સ્વરૂપે અંતરની ઊર્મિથી ભીંજાયેલા આ શબ્દોને ઉજાળે તેવું ધન્યનામ સર્જન ભગતબાપુનું છે. શ્રી હિંગોળભાઈ નરેલા લખે છે તેમ આ કવિ સમગ્ર સમાજ માટે પુષ્પોની ચિરંજીવી સૌરભ પાથરીને વિશાળ લોક સમુદાયમાં હૃદયસ્થ થયા છે.

મધમધતો મૂકી ગયો બાવન ફૂલડાનો બાગ
અમ અંતરને આપશે કાયમ સૌરભ કાગ.

કવિ શ્રી કાગ સતત વિકસતા વિચારપુરૂષ હતા. કોઈ એક રાજ્યના રાજ્યકવિ થઈને મળી શકતી મબલખ સુવિધાઓ સ્વીકારવાનું તેમણે સમજપૂર્વક ટાળ્યું હતું. અન્યથા અનેક ચારણ કવિઓ માટે માટે આ બાબત સહજ તથા સ્વાભાવિક ગણાતી હતી. લોકના થોકમાં જઈને આ કવિ પ્રગટ્યો છે. પગ મને ધોવાધ્યો રઘૂરાય કે આવકારો મીઠો આપજે જેવા ભજનો આજે પણ વિશાળ લોક સમૂહના હૈયામાં જીવે છે અને ધબકતા રહે છે. કાગની કળાના પ્રશંસક તથા સાહિત્યના ઊંડા અભ્યાસી શ્રી વિનુભાઈ મહેતા કાગવાણીને લોકભાષાના ગ્રંથ સાહેબની ઉપમા આપીને નવાજે છે તે થોડામાં ઘણું કહી જાય તેવી સ્નેહાંજલિ છે. કવિને જગદંબાની કૃપાથી શબ્દની અમૂલ્ય સોગાત સાંપડી છે પરંતુ તેમની વાણીમાં ભારોભાર વિવેક તથા વિનયના દર્શન થાય છે.

સતગુરુ ! હું તો વગડાનું ફૂલડું રે...
સાધુ ! તમે કેડે ચાલ્યા જાઓ...
વેલેથી ઉતારી મને હૈયે ધરો રે...
વાંચો મારા ભીતર કેરો ભાવ.

અનેક સંતો – મહંતોના હૃદયમાં સ્નેહનું સ્થાન મેળવનાર આ વગડાનું ફૂલ કદી ઝાંખુ – પાંખુ થાય તેવું નથી.

કવિ શ્રી દુલા ભાયા કાગ કે જેમને ગુજરાત ભગતબાપુના વહાલસોયા નામથી ઓળખે છે તેમની અમદાવાદની મુલાકાત બાબતમાં સુવિખ્યાત સર્જક શ્રી જયભિખ્ખુએ (શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ) એક મજાની વાત લખી છે. શ્રી જયભિખ્ખુને ત્યાં કવિશ્રીનો ઉતારો રહેતો અને બન્નેને પરસ્પર અનન્ય સ્નેહ હતો. શ્રી જયભિખ્ખુ કહે છે કે કોકિલના માળામાંથી કવિતા સાંભળવા મળે તે તો જગપ્રસિધ્ધ વાત છે પરંતુ કાગના માળામાં મધુર કવિતા સાંભળવા મળે તે ખાસ જાણીતી બાબત નથી. કાગના માળામાંથી કવિતા રેલાવી જનારો આ દાઢીઆળો કવિ કાવ્ય મોહીની પાથરીને ફેબ્રુઆરી-૧૯૭૭ માં પંખી પાંખુવાળાની જેમ આ જગતના ચોકમાંથી ઊડાણ ભરી ગયો. કચ્છના મર્મી કવિ શ્રી દુલેરાય કારાણીએ પણ લગભગ આવાજ ભાવ સાથે કવિ કાગને અંજલિના પુષ્પો સમર્પિત કર્યા.

કાગના દેશમાં આજ આ વેશમાં
માન સરવર તણો હંસ આવ્યો
લોકના થોકમાં લોક સાહિત્યની
મુક્ત મનથી કરી મુક્ત લહાણી
શારદા માતનો મધુરો મોરલો
કાગ ટહૂકી ગયો કાગવાણી.

આપણાં શાસ્ત્રોમાંથી જે વાણી પ્રગટ થઈ છે તે મહદ્ અંશે સર્વસમાવેશક તથા સ્વસ્થ સમાજરચના માટે હિતકારી છે. વેદ કે ઉપનિષદની જ્ઞાનવાણીને કોઈ સંપ્રદાય કે ચોક્કસ મતના બંધનથી બાંધી શકાય તેવી નથી. પરંતુ શાસ્ત્રોની આ અમૂલ્ય વાતો લોક સુધી પહોંચાડવી તે અઘરું તથા પડકારરૂપ કાર્ય છે. આ મુશ્કેલ કાર્ય આપણાં મધ્યયુગના સંતો તથા ભક્ત કવિઓએ ખૂબીપૂર્વક કરેલું છે. મીરાંની કાવ્યધારા હોય કે ત્રિકમ સાહેબની ભજન સરવાણી હોય તો તેના સહારે સમાજ જીવનને ઉપકારક વાતો તથા જ્ઞાનવાણીનો પરિપાક ઘર ઘર સુધી તેમજ જન જન સુધી પહોંચી શકેલો છે.

કવિ કાગ પણ આવાજ એક ધરતી સાથે જોડાયેલા કવિ હતા. પૂ. મોરારીબાપુ યથાર્થ રીતે તેમને ઊંબર થી અંબર સુધીના કવિ તરીકે પૂર્ણ ભાવથી ઓળખાવે છે. અક્ષરજ્ઞાન ઓછું પરંતુ અંતરજ્ઞાનના મહાસાગર જેવું તેમનું પ્રભાવી વ્યક્તિત્વ હતું. કવિ કાગ એ આપણાં સાહિત્યની શોભા તથા સમૃધ્ધિ વધારનારા કવિ છે. ''કાગચોથલ્લ નીમીત્તે પુનઃ તેમની સ્મૃતિને વંદન છે.

# બાપુના 'લાલ' હરિલાલ ગાંધી

**ગાંધી ૧૦૦**
ડો. રાજેન્દ્ર જાની

હરિલાલ, ગાંધી, મહાત્મા ગાંધીના સૌથી મોટા પુત્ર કે જેમનો ગાંધી વિચાર જગજાહેર હતો, ગાંધીજીને નીચા દેખાડવા માટે હરિલાલે ઈસ્લામ પણ અંગીકાર કર્યો હતો. એ સમયે કસ્તૂરબાનો (માં નો પોતાના પુત્રને ખુલ્લો પત્ર') વિવિદ વર્તમાનપત્રો અને સામયિકોમાં પ્રસિદ્ધ થયો હતો. એ પત્રની સરળ છતાં ચોટદાર વાતોને કારણે જે કેટલાંક મુસ્લિમો હરિલાલભાઈના ધર્મ પરિવર્તનનો લાભ લેવા માગતા હતા તેમને પણ પોતાની મૂર્ખતા અને ગંભીર ભૂલ સમજાઈ હતી. સાથોસાથ પોતાના ધર્મ પર આ કલંકરુપ છે એવો અહેસાસ થયો હતો. હરિલાલભાઈએ પણ માંના પત્ર પછી માત્ર બાપુને દુઃખ પહોંચાડવા માટે લીધેલું પગલું પાછું ખેંચી લીધું હતું. આમ, છતાં હરિલાલ મહાત્મા ગાંધી સામે તો સતત વિરોધમાં રહેતા હતા. પરંતુ એમનો વિરોધ બીજાઓ સમક્ષ કયારેક વ્યક્ત કરતા ન હતા.

દેવદાસ ગાંધી લખે છે કે, 'હરિલાલભાઈ હંમેશા પોતાના વિચારો ઉપર જ અડગ રહેતા હતા. પોતે બાપુનો વિરોધ કરતાં પણ એટલો જ આદર પણ કરતા હતા. પરિવારજનો અને મિત્રો ને અન્યો સમક્ષ ગાંધીજીનું દૃઢ સમર્થન પણ કરતા હતા. કસ્તૂરબા અને ભાઈઓ પ્રત્યે તેઓ સ્નેહ વ્યક્ત કરતા હતા. તેમ છતાં તેમનો સતત વિરોધ કરવો એમાં એમને આનંદ આવતો હતો. ભાઈઓ અને મિત્રોને તેઓ પ્રેમથી 'પાખંડી' કહેતા હતા. એમના મતે અમે બધાં ગાંધીજીના વિચારો અનુસારનું જીવન જીવવાનો દેખાડો કરતા હતા પરંતુ વાસ્તવમાં અમે બાપુની સેવા પણ કરતા નહીં કે એમનું અનુશરણ પણ કરતા ન હતા.'

**હરિલાલ ગાંધીને ગમે તેટલો વિરોધ હોય 'બાપુ'નો જાહેર વિરોધ એ કરતા નહીં**

૧૯૨૦માં હરિલાલભાઈના પત્ની ગુલાબબેનનું અવસાન થયું એ પછી તો એકદમ વધુ પડતાં સ્વતંત્ર અને સ્વચ્છંદ બની ગયા હતા. તેમની 'ખાનાબદોશ' જિંદગીમાં દારુની કુટેવ જોડાઈ ગઈ હતી. ખુદ બાપુએ પણ તેમની દારુની લત છોડાવવા માટે પ્રયાસ કર્યા હતા તેમણે પણ એ માટે સહયોગ આપ્યો હતો પરંતુ દારૂ તેઓ છોડી શક્યા ન હતા.

એ પોતાનાં વિચારોમાં એટલા દૃઢ હતા કે ધર્મ અને કર્તવ્યના લાંબા ઉપદેશો આપનાર તેમને દીઠાં ગમતાં નહીં. નીતિના વચનો આપનાર એક પ્રકારના પાખંડી છે એમ તેઓ માનતા હતા. બીજાના આચાર અને વ્યવહારમાં તેમણે હંમેશા કોઈને કોઈ પ્રકારનો સ્વાર્થ હોવાનું જણાતું હતું. દેવદાસભાઈ હરિલાલભાઈ વિશે પુસ્તકમાં લખે છે બીજાઓની જેમ તેઓ અમને પણ કોઈ સલાહ સૂચન કરીએ ત્યારે નિરાશ કરતા હતા. તમે તમારું કામ કરો હું મારું કામ કરું છું. એવો જ પ્રત્યુત્તર વાળતા હતા.

ભારતમાં મહાત્મા ગાંધીએ રેલવે દ્વારા જેટલી મુસાફરી કરી હતી એટલી જ મુસાફરી લગભગ હરિલાલભાઈએ પણ કરી હતી. આખા ભારતમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ રેલવેમાં ઉડતા રહેતા હતા. દેશના દરેક ખૂણે રહેતાં વિવિધ જ્ઞાતિ-જાતિ-ધર્મ અને સંપ્રદાયના લોકો તેમની પ્રેમથી દેખભાળ રાખતા હતા. હરિલાલના નકારાત્મક બાજુઓ હોવા છતાં લોકોએ તેમનો હંમેશા આદર સત્કાર જ આપ્યો હતો. દેવદાસ ગાંધી કહે છે એમનામાં એવું કશુંક ખાસ હતું જે લોકોને તેમની તરફ આકર્ષિત કરતું હતું. અને લોકો તેમના દોષ ભૂલી જતા હતા. કદાચ મહાત્મા ગાંધીના આ જયેષ્ઠ પુત્રમાં ભારતીયોને બાપુનાં દર્શન થતા હશે.

હરિલાલની એક વિશેષતા એ હતી કે એ જે રસ્તે ચાલે એમાં ગમે તેટલી મુશ્કેલી આવે પમ પાછી પાની કદી કરતા નહીં. સંસારમાં તેમના જેવા બહુ ઓછા માણસો મળે કે જેઓ જિંદગીનો બહુ મોટો ભાગ ફકીરની જેમ વ્યતિત કરે. કેટલાંય દિવસો સુધી એ ફાટેલા કપડામાં ખિસ્સામાં એક કોડી પણ ના હોય તેમ 'સંપૂર્ણ' અનાથ ની જેમ જીવ્યા હતા.

તેમને બહુ આગ્રહ કરવામાં આવે તો થોડો સમય તેઓ કુટુંબ સાથે રહેતા હતા પણ પછી અચાનક ચાલી નીકળતા હતા. તેમના પુત્ર ડૉકટર કાંતિભાઈ અને તેમના પત્નીએ પિતા હરિલાલભાઈને ખાસો સમય તેમની સાથે રાખવામાં સફળ થયા હતા. વહુ અને દીકરા પિતાની ખૂબ સારી સેવાચાકરી કરતા હોવા છતાં તેઓ એમની સાથે વધારે રહ્યા ન હતા.

દેવદાસ ગાંધીએ એક વખત હરિલાલને ઈમાઈલ જોલાનું 'શરાબ' પુસ્તક ભેંટમાં આપ્યું ત્યારે તેમણે કહેલું 'અરે ભાઈ મને શું આ પુસ્તક આપે છે?' આવું પુસ્તક તો હું ખુદ લખી શકું છું.

હરિલાલ ગાંધી ખૂબ ઓછું વાંચતા હતા. પરંતુ જે કાંઈ વાંચતા એની પસંદગી ખૂબ કાળજીપૂર્વક કરતા હતા. ભગવદ્ ગીતા ઉપરના લોકમાન્ય ટીળકના પ્રસિદ્ધ ગ્રંથ 'ગીતા રહસ્ય'નું તેઓ સદૈવ સન્માન કરતા હતા અને આ પુસ્તક હંમેશા તેઓ પોતાની સાથે જ રાખતા હતા. જયારે તેમની પાસે પહેરવા માટે ખમીશ પણ નહોતું રહેતું ત્યારે પણ ગીતા રહસ્ય પુસ્તક તેમની પાસે રહેતું હતું. એ પુસ્તક કયારેય પોતાની પાસેથી અલગ થવા દેતા નહીં.આ ક્રમ તેમના મૃત્યુ સુધી અકબંદ રહ્યો. દુનિયામાં ભલે હરિલાલને યાદ કરતી વખતે ગાંધીજીના સૌથી મોટા વિરોધી તરીકેની ઓળખ આપવામાં આવે પણ ભગવદ્ ગીતા સાથેનો તેમનો નાતો તેમના સંસ્કારમાં ઉતરેલાં મો.ક.ગાંધીના વિચારો જ ઉજાગર કરે છે.

સંદર્ભ પુસ્તક : બા બાપુ ઔર ભાઈ, લેખક : દેવદાસ ગાંધી, સસ્તુ સાહિત્ય મંડળ પ્રકાશન, નવી દિલ્હી - ૧૯૫૬)